


શ્રી ગુરુદેવના અંતરમાં પ્રગટેલા ઝળહળતા શ્રુતજ્ઞાન-સૂર્ય દ્વારા અનુપમ રહસ્યો ઝરતી અમૃત-વાણી નિરંતર સાંભળવાનો અપૂર્વયોગ પ્રાપ્ત થયો છે તે મહાભાગ્ય છે.

—પૂજ્ય બહેનશ્રી

શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવકમંડળ, બૃહદ્ મુંબઈ દ્વારા
સુવર્ણપુરીમાં ઉજવાનાર ૧૦૭મો

# ॐ શ્રી કહાનગુરુ-જન્મોત્સવ ॐ

[ તા. ૧૫-૪-૯૬, સોમવાર થી તા. ૧૯-૪-૯૬, શુક્રવાર ]

અત્યાનંદોર્મિ સાથ જણાવવાનું કે—આત્મસાધના કરવા નીકળેલાં મુમુક્ષુઓને સઘળાય કર્તૃત્વરૂપી મોહરાજાની સેનાને નેસ્ત-નાબૂદ કરવા ક્રમબદ્ધ દ્વારા અકર્તાસ્વભાવી જ્ઞાયકનો અમોઘમંત્ર આપી આપણા ઉપર અનંત અનંત ઉપકારની વર્ષા વરસાવનાર પરમ તારણહાર વહાલા ધર્મપિતાની ૧૦૭મી કલ્યાણવર્ષિણી મંગલ જન્મજયંતી (વૈશાખ સુદ-૨), અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં બૃહદ્ મુંબઈનિવાસી શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવકમંડળ તરફથી ચૈત્ર વદ ૧૩, તા. ૧૫-૪-૯૬ થી વૈશાખ સુદ ૨, તા. ૧૯-૪-૯૬—પાંચ દિવસ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે.

ગુરુ-જન્મોત્સવનો આ મંગલ અવસર તીર્થંકરનામકર્મબંધના હેતુભૂત 'શ્રી ષોડશકારણભાવના મંડલવિધાનપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસપૂર્ણ ઓડિયો-વિડિયો ટેપ-પ્રવચન તેમ જ પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસના, આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા સમ્પન્ન થનારી પૂજા-ભક્તિ, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, પુરુષો માટે ધાર્મિક શિક્ષણવર્ગ, યાત્રા-વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય રોચક કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

આ માંગલિક ગુરુ-જન્મ-જયંતીના સુઅવસરે ગુરુભક્તિભીનો અનુપમ લાભ લેવા સોનગઢ પધારવા ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર-યુવક મંડળ, બૃહદ્ મુંબઈ તરફથી હાર્દિક નિમંત્રણ છે.

[ સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક છે. ]

—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન
સંવત-૧૬
વર્ષ-૫૨
અંક-૧૦
[ ૬૩૦ ]




વીર
સંવત
૨૫૨૨
સં. ૨૦૫૨
APR
A. D. 1996

**શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર**

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, પરમોપકારી
પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતી પ્રસંગે
ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીના હૃદય-સરોવરમાં ખીલેલાં

# 卐 ૧૦૭ ભક્તિપુષ્પો 卐

* પૂજ્ય ગુરુદેવ બધાને તેડવા આવ્યા છે, તેમના સમવસરણમાં લઈ જવા તેડવા આવ્યા છે. જવા માટે બધાને તૈયાર કરી દીધા. જે તીર્થંકર થઈને મોક્ષ જાય તે બધાને સમવસરણમાં તેમની સાથે લઈ જાય. પૂજ્ય ગુરુદેવ કહે છે કે હું આ માર્ગે જાવ છું, તમે બધા આ માર્ગે હાલો. તેઓ પૂર્ણ માર્ગને પ્રગટ કરશે ત્યારે જે હશે તે બધા ખેંચાઈને આવશે. આ પંચમકાળમાં જે તૈયારીવાળા જીવો હશે તે પૂજ્ય ગુરુદેવના સમવસરણમાં જવા માટે તૈયાર થઈ જશે. ૧.

* આ પંચમકાળે પૂજ્ય ગુરુદેવ મળવા મુશ્કેલ છે. ગુરુદેવ મળ્યા તે જ બેડો પાર છે. તેમના જેટલા ગુણગ્રામ કરીએ તેટલા ઓછા છે. તેમની નિરંતર વાણી ને નિરંતર સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવનો એક એક શબ્દ આત્માને બતાવનારો, આત્માને જગાડનારો ને જે પુરુષાર્થ કરે તેને અનુભૂતિ થઈ જાય તેવો હતો. ગુરુદેવે તો સ્વયં ચૈતન્યને પ્રગટ કર્યો. ગુરુદેવ તો 'તરણ-તારણ'—પોતે તરીને બીજાને તારનાર હતા. ૨.

* પૂજ્ય ગુરુદેવના સમવસરણમાં જે આવ્યા છે તે હવે છૂટા થોડા પડવાના છે? બધા સાથે રહેવાના છે. આ બધું તેમની સાથે ઉપડવાનું છે. પૂજ્ય ગુરુદેવ તીર્થંકર ભગવાન તરીકે છે; ઠેઠ સુધી સમવસરણમાં તેમની હારે જવાનું છે. છુપાયેલા આત્મતત્ત્વને પોતે પ્રગટ કરી અગણીત જીવોનો ગુરુદેવે ઉદ્ધાર કર્યો છે. ૩.

* પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી હતી. આવી વાણીનું શ્રવણ જેમને થયું તે બધા ભાગ્યશાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અને પૂજ્ય ગુરુદેવશ્રી તો આ કાળનો એક અચંબો હતાં. બહારનો અભ્યાસ તો જીવોને અનાદિથી છે પરંતુ ચૈતન્યનો અભ્યાસ તો આ કાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ઘણાં વર્ષો સુધી કરાવ્યો છે. તેમની વાણી રસબસતી–કસદાર હતી. તેમના અંતરમાં શ્રુતની ધારા અને તેમની વાણીમાં પણ શ્રુતની ગંગા વહેતી હતી. તેમની મહા આશ્ચર્યકારી મુખમુદ્રા શાંતરસ ઝરતી! તેમનાં નયન ઉપશમરસ ભરપૂર! અહો! પૂજ્ય ગુરુદેવશ્રી તો ભરતનું સૌભાગ્ય હતાં, ભરતક્ષેત્ર ભાગ્યશાળી કે પૂજ્ય ગુરુદેવ અહીં વિદેહથી સીધા પધાર્યાં. સૌરાષ્ટ્ર ભાગ્યશાળી, જનસમાજ મહાભાગ્યશાળી. પૂજ્ય ગુરુદેવશ્રીએ સાચું જિનશાસન પોતે પ્રગટ કર્યું અને પ્રસિદ્ધપણે સમજાવ્યું. આવો કાળ તો કોઈક કાળે આવે છે. અહો! આ સોનગઢમાં તો ૪૫-૪૫ વર્ષ સુધી, મિથ્યાત્વના બાઝી ગયેલા ચીકણા સેવાળ જેવા પાપભાવને ઉખેડી નાખવા, ઝંઝાવાતી વાયરાની જેમ પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્યક્શ્રુતની પ્રભાવના કરી હતી. તેમની કૃપા આપણા ઉપર સદૈવ હતી. આપણે તો તેમના દાસ છીએ. અરે દાસ તો શું? દાસાનુદાસ જ છીએ. ૪.

* પૂજ્ય ગુરુદેવની શ્રુતની ધારા વરસે છે. લોકોનાં ટોળેટોળાં તે દિવ્ય વાણી સાંભળવા ભેગાં થાય છે. ઘેર ઘેર લોકો આત્માની ચર્ચા કરે છે. આ બધું ચમત્કારી લાગે છે! આવું તત્ત્વ કહેનાર પુરુષ કોણ છે? એ પુરુષ છે પૂજ્ય ગુરુદેવશ્રી! ૫.

* અહો! પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમગ્ર ભરતને જાગ્રત કરી દીધું

છે. તેમનો તો આ ક્ષેત્રના સર્વ જીવો ઉપર અમાપ ઉપકાર છે. અનંત અનંત ઉપકાર છે. પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અનાદિ મંગળરૂપ તીર્થંકરનું દ્રવ્ય હતું. વળી તેમને વાણીનો યોગ અદ્‌ભુત, અનુપમ અને અપૂર્વ હતો. પૂજ્ય ગુરુદેવશ્રી અનુપમ દ્રવ્ય હતા. અપૂર્વતાના દાતાર–તેમની વાણી સાંભળનારા પાત્ર જીવોને અંતરથી અપૂર્વતા ભાસ્યા વિના રહેતી નહિ. ઉપાદાન સૌ સૌને પોતપોતાનું પણ તેઓશ્રીનું નિમિત્તપણું પ્રબળમાં પ્રબળ હતું. તેમને સાંભળનારને અપૂર્વતા ભાસ્યા વિના રહે જ નહીં. તેમની વાણીનો એવો અતિશય હતો કે તેમને સાંભળનાર કોઈપણ જીવ કદી પણ કંટાળીને તેમનું વક્તવ્ય સાંભળવાનું છોડીને ઊઠી ગયો હોય તેમ બનતું નહિ. એવો પરમ કલ્યાણકારી ધોધમાર ઉપદેશ હતો. ૬.

* પૂજ્ય ગુરુદેવની વાણીની ગર્જનાથી ગુંજન કરતું સોનગઢ બોલતું તીર્થ છે. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવનાનો ઉદય કોઈ અપૂર્વ... પરમાગમમંદિરની પ્રતિષ્ઠા...મહાવીર ભગવાન પધાર્યા, જાણે ઉત્સવ લઈને આવ્યા હોય. ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ... ગામોગામ ઉત્સવ થતો. ધર્મચક્ર ગામેગામ નીકળ્યાં... ધર્મચક્ર. જાણે ભગવાન સાથે હોય અને વિહાર કરતું હોય તેવું લાગતું. પ્રભાતફેરી નીકળતી. પરમાગમ-મંદિરમાં ભજનની રેકર્ડ વાગ્યા જ કરતી. ભગવાન ધ્વનિ સાથે લઈને આવ્યા ને શ્રુત પણ સાથે લઈને આવ્યા. ભગવાન વિહાર કરતાં, દિવ્ય-ધ્વનિ છૂટતી હોય તેમ વાણી લઈને સોનગઢમાં પધાર્યા અને એ વાણી ભીંતમાં કોતરાઈ ગઈ. કર્તા-કર્મ, જ્ઞેય-જ્ઞાયક બધું ધ્વનિરૂપે ભીંતમાં ચોંટી ગયું. ભગવાનની વાણી અહીં આવી સ્થિર થઈ ગઈ. પરમાગમને આવું સ્પષ્ટ ને ખૂલ્લું કરનાર ગુરુદેવ જ છે. અત્યારે પૂજ્ય ગુરુદેવ જ્ઞાતા-જ્ઞાતાના પોકાર કરે છે. બધાનો ફેંસલો કરીને સીધા રસ્તે, વિકલ્પ વગરનો નિર્વિકલ્પ આત્મા બતાવે છે. ૭.

* આવો ધોધમાર ઉપદેશ મળવો તે જીવનનું મહાભાગ્ય છે. હવે વારંવાર લઢન કરીને પ્રાપ્તિ થાય એવું ધ્યેય હોવું જોઈએ. ઉપદેશમાં બધું આવી જતું હતું. ગુરુદેવમાં બધું સમાઈ જતું હતું. સૌરાષ્ટ્રમાં

સીમંધર ભગવાન પધાર્યાં ત્યારે સાક્ષાત્ પધાર્યાં હોય એવું લાગતું હતું. ગુરુદેવના યુગમાં પૂર્વે જાણવામાં ન આવ્યા હોય એવા નવીન નવીન પ્રસંગ બની ગયા. ગુરુદેવ પ્રધાનપુરુષ જાગ્યા તેની સાથે બધા હોય. ચક્રવર્તીની સાથે બધું હોય, બધાં રત્નો હોય, સેનાપતિ વગેરે હોય, તેમ ગુરુદેવ મહાપુરુષ જાગ્યા તેની સાથે બધું હોય, રામજીભાઈ વગેરે હતા. ગુરુદેવનો પ્રતાપ છે. આખું હિન્દુસ્તાન જાગૃત થયું. આત્મા શબ્દ કોણ જાણતુ હતું? એ ભાષા પણ ક્યાં હતી? તો ભાવની ક્યાંથી ખબર હોય. ગુરુદેવે બધાને અંતરદૃષ્ટિ આપી, બધાનો હૃદયપલટો થયો. ૮.

* અહો! પૂજ્ય ગુરુદેવશ્રી તરતા પુરુષ હતા. પોતે તરવૈયા. પોતે પોતાથી જ તર્યાં અને અન્ય સૌને તારવા માટે જબ્બર પરિશ્રમ ઉઠાવ્યો. જરાપણ કંટાળો નહીં. બારે માસ દરરોજ બે વખત પ્રવચન, રાત્રે તત્ત્વચર્ચા—૪૫ વર્ષ સુધી દરરોજનો નિયમિત આ જ કાર્યક્રમ. પૂજ્ય ગુરુદેવશ્રીએ જે માર્ગ પ્રકાશ્યો છે તે જ માર્ગે ચાલવાનું છે. ૯.

* સૌરાષ્ટ્રનો ગાજતો સિંહ, તેના જેવું કોઈ ન હતું. વ્યાખ્યાનની રેલમછેલ કરતા હતા. અહીં સોનગઢના એક ખૂણામાં હીરાભાઈના બંગલે પરિવર્તન કર્યું. શરૂઆતમાં થોડા માણસો વ્યાખ્યાનમાં આવતા હતા. પછી તો બધાને થયું કે ગુરુદેવે જે કર્યું છે તે સાચું જ કર્યું છે; એટલે ગુરુદેવની પાછળ ટોળેટોળાં આવવા લાગ્યાં.

આ પંચમકાળમાં જેણે ગુરુદેવની વાણી સાંભળી તે ભાગ્શાળી છે. ગુરુદેવે આ પંચમકાળમાં પધારી જીવોને ભાગ્યશાળી બનાવ્યા હતા. ૧૦.

* ગુરુદેવ તો કલ્પવૃક્ષ હતા. બીજું કલ્પવૃક્ષ ચૈતન્યદેવ છે. ગુરુદેવે તે કલ્પવૃક્ષનો માર્ગ બતાવ્યો. ચૈતન્યકલ્પવૃક્ષ, તેમાંથી બધું ફાલશે. તારી પાસે ચૈતન્યકલ્પવૃક્ષ છે ત્યાં જા...તેને ગ્રહણ કરવાથી મનોવાંછિત સિદ્ધિ થાય છે. ૧૧.

* પૂજ્ય ગુરુદેવશ્રી દ્રવ્ય-દૃષ્ટિની વાત કેટલી નિઃશંકતાથી જોરદાર કરે છે. તેથી તેમનું તીર્થંકરનું દ્રવ્ય નક્કી થાય છે. વર્તમાનમાં કેટલો પ્રભાવ દેખાય છે. દ્રવ્યદૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જાય છે. ૧૩.

* આચાર્યના શબ્દેશબ્દની ગુરુદેવને અત્યંત ગંભીરતા અને ગહનતા લાગતી હતી. એક શબ્દ પાછળ શું કારણ છે, તેમ કારણ ગોતીને તેનો અર્થ ખોલતા હતા. બધાં શાસ્ત્રોના અર્થ ખુલ્લું કરવાની તેમની સૂક્ષ્મતા, આંતરદષ્ટિ કરીને તેવા અર્થ કરવાની જ કોઈની કયાં શક્તિ હતી? અધ્યાત્મમાં અર્થ કરવાની તેમની શૈલી જ કોઈ જુદી. પ્રમાણ, નયો, સ્યાદ્વાદ વગેરે જે અઘરી શાસ્ત્રની કથનશૈલી, તે જીવોને તેમના પ્રતાપે સમજવી સરળ થઈ ગઈ. બધું અંતર ખોલીને કહેતા હતા. શાસ્ત્ર બધાં સમજવાનાં અત્યારે જે સહેલાં થઈ પડયાં છે તે બધો પ્રતાપ પૂજ્ય ગુરુદેવનો છે. કોઈને સમયસારના આવા અધ્યાત્મના અર્થો કરતાં કયાં આવડતું હતું. દૃષ્ટાંત બધા આત્મા તરફ ઉતારતા. અધ્યાત્મની તેમની શૈલી જ કોઈ જુદી! અદ્‌ભુત શૈલી. તેમાં તેઓ એકદમ રંગાઈ જતાં. ૧૩.

* હે પ્રભુ! તમારા ગુણોને કોણ ગાઈ શકે! તમારી ભક્તિ હું શી રીતે કરું! ઇન્દ્રો કહે છે કે પ્રભુ! હું તમારા ગુણ-ગાન ગાઈ શકતો નથી. તેમ પૂજ્ય ગુરુદેવે જે કર્યું છે તેને ભાષામાં કે વાણીમાં કહેવું ઓછું છે. ગુરુદેવે ઠેર ઠેર યાત્રાઓ, પ્રતિષ્ઠાઓ ને અપૂર્વ તત્ત્વ વરસાવ્યું છે તેની પાસે બધું ઓછું છે. ગુરુદેવનું દ્રવ્ય મંગળ હતું. તેમના ચૈતન્યની મંગળ પ્રભા ચારેકોર પ્રસરી રહી હતી, પૂજ્ય ગુરુદેવ ગયા પણ તેમની મંગળતા મૂકતા ગયા છે. વાણીમાં તેમની મંગલ પ્રભા રહી ગઈ! તેમની વાણીમાં દેશનાલબ્ધિ હતી. તેમની મંગલ પ્રભા જયાં પથરાયેલી હોય તે મળવું મુશ્કેલ છે. ૧૪.

* પૂજ્ય ગુરુદેવની વાણી, એમની મુદ્રા, એમની ચાલ બધું જ જુદુ...ચાલ ધીમી પણ હાથીની જેવી... પગલાં એવાં મોટાં પડે કે સાથે ચાલનાર પહોંચી ન શકે. તેમનું શરીર જાણે આત્મા બતાવતું હોય! મુદ્રા જોઈને આ મહાપુરુષ છે તેમ લાગે. હાસ્ય તો એવું નિર્દોષ જાણે પ્રફુલ્લિતતા દેખાઈ આવે. અધ્યાત્મનું તેજ શરીરમાં તરવરતું લાગે! ગુરુદેવ જાણે દિવ્યપુરુષ હોય તેવું તેજ હતું. ૧૫.

* પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે જુઓને ઇલેકટ્રીક સાધનોની શોધખોળ થઈ ગઈ કે જેથી ઘેર ઘેર ગુરુદેવશ્રીનાં પ્રવચનોની હજારો વિડિયો કેસેટ

અને લાખો ટેપ કેસેટો વસાવાઈ ગઈ છે અને નિયમિત લોકો ઉત્સાહથી દરરોજ સાંભળે જ છે, જુએ છે. ટેપ રેકોર્ડિંગમાં ગુરુદેવશ્રીને બોલતાં સાંભળીએ કે વિડિયો કેસેટમાં તેમની મુખમુદ્રા દેખીએ ત્યારે જાણે સાક્ષાત્ ગુરુદેવશ્રી આપણી સમક્ષ હાજર છે, તેમાં પણ સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના દીર્ઘકાળનો નિવાસ હોવાથી તેમની વાણીનો ટોન જાણે યથાતથ્ય જળવાઈ રહ્યો છે, સંભળાઈ રહ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં ઊજવાયેલા પ્રતિષ્ઠા, ઉત્સવો, યાત્રા-પ્રવાસો, શિક્ષણ-શિબિરો, ધવલના શાસ્ત્રો, અનેક આચાર્ય ભગવંતોના વૈરાગ્યમય સત્યદષ્ટિપોષક સિદ્ધાંતો દષ્ટાંતો અપૂર્વ રીતે બહાર આવ્યા, તે બધો પ્રતાપ પૂજ્ય ગુરુદેવશ્રીનો જ છે. ૧૬.

* ગુરુદેવ અદ્‌ભુત પ્રતાપી પુરુષ હતા. ભારતના ઝળહળતા સૂર્ય હતા. આપણા તારણહાર હતા. તારણહાર ચાલ્યા ગયા, ભક્તોને આજે તારણહારના વસમા વિરહ પડ્યા. ભક્તોને તો એવા જ ભાવો હોય કે આપણા તારણહાર ગુરુદેવ શાશ્વત બિરાજમાન રહે! પરંતુ કુદરતના ક્રમ પ્રમાણે ગુરુદેવ દ્રવ્ય-અપેક્ષાએ શાશ્વત રહી, પર્યાય અપેક્ષાએ દેવ પર્યાય ધારણ કરી, આપણાથી ઘણા દૂર ક્ષેત્રે બિરાજી ગયા. આપણને તો તારણહારના પાવન દર્શન સત્સંગાદિ અપ્રાપ્ય થઈ ગયાં, શું થાય!

ઉપકારમૂર્તિ ગુરુદેવને પરમ ભક્તિપૂર્વક હૃદયમાં બિરાજમાન કરી, તેમની આજ્ઞાને સદાય આગળ ને આગળ રાખી, તેમની આજ્ઞાનુસાર જીવન જીવવું એ જ સાચું કર્તવ્ય છે. તે કાર્ય કરવાથી શીઘ્ર આ બળબળતા સંસારનાં ભયંકર દુઃખોથી છૂટીને, શાશ્વત અવિચળ ધામમાં પહોંચી જઈશું. ૧૭.

* તેમની નિડરતા, નિશ્ચય, બધી શાસ્ત્ર પ્રમાણેની ક્રિયા હતી. સિંહ જેવી ઉત્કૃષ્ટ અડગતા, નીડરતા, કાર્યો બધા મહાપુરુષ જેવાં. પ્રતિકૂળતાના વંટોળિયા આવે તો ય તેની સામે એકલા ઊભા રહી શકે તેવું સામર્થ્ય. સૌરાષ્ટ્રમાં પરિવર્તન વખતે ઘણા વંટોળિયા આવેલા, પરંતુ તોય ડગ્યા નહિ, દિગંબર સમાજમાં યે તેમની સામે વંટોળિયા આવેલા. પ્રભાવશાળી ઘણા, પ્રતાપી મહાપુરુષ. પુણ્યનો યોગ પણ તેવો.

નીડર સિંહ જેવા. તેમનો પ્રભાવ પણ તેટલો; તેથી સાથ દેનારા પણ ઘણા જીવો મળી ગયા. ૧૮.

* આખા ભારતદેશના લોકોને, જે ઊંઘતા હતા તેમને જગાડી દીધા. લોકોને સત્ય તત્ત્વનો સંદેશ, દેશના ખૂણે ખૂણામાં વિહાર કરીને તેમણે પ્રસરાવી દીધો. તીર્થંકરનાં લક્ષણો જાણે કે અહીંથી જ શરૂ થઈ ગયાં. ૧૯.

* તેમનો દેખાવ એવો (સર્વાંગ સુંદર) તેમની વાણી એવી (રસબસતી), તેમનાં કાર્યો, તેમના ઉપદેશનાં કાર્યો, તે સિવાય તો ભરતક્ષેત્રમાં કોઈ માને પણ નહિ. તેમનાં કાર્યો જાણે ભગવાન જ લાગે તેવું હતું. તેમની વાણીમાં અતિશયતા, વાણીનો ધોધ વરસતા હતા, તેમનો દેદાર એવો કે માણસો તેમને જોઈને થંભી જાય, આ કોણ સંત છે તેમ જોનારને લાગી જાય તેવો દેદાર! તેમની મુદ્રા જુદી, તેમની વાણી જુદી, સિંહ જેવી તેમની પરાક્રમી વાણી... ભગવાન જ હોય! ભગવાન માનતા હતા તે આ ગુણોને લીધે, માર્ગ પ્રકાશ કર્યો, સાક્ષાત્ ભગવાન જેવાં જ કાર્યો, પૂજ્ય ગુરુદેવને તો હજી તીર્થંકર થવાને વાર છે ને તેમનાં કાર્યો બધાં તીર્થંકર જેવાં, દેખાવ જ એવો કે આ ભગવાન છે. તેઓ ભગવાન જ થવાના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી વિહારમાં જાય ત્યારે સ્વાગતમાં બધા પંડિતો કહેતા હતા કે પૂજ્ય ગુરુદેવશ્રી તીર્થંકર થશે. તેમની વાણી તીર્થંક જેવી. એક શબ્દમાં આખું બ્રહ્માંડ ખડું કરતા. જેમ ભગવાનની વાણીમાં અનંત રહસ્ય આવે તેમ પૂજ્ય ગુરુદેવની વાણીમાં એક શબ્દમાં કેટલું રહસ્ય આવી જતું! ૨૦.

* ગુરુદેવ જગતમાં સર્વોત્કૃષ્ટ હતા, ઉત્તમમાં ઉત્તમ વસ્તુ આવી ગઈ. જગતમાં સૌથી સર્વોત્કૃષ્ટ જિનેન્દ્ર ભગવાન છે. તેમની વાત ઇન્દ્રો–ગણધરો, દેવેન્દ્રો, રાજેન્દ્રો કોઈ કરી શકતા નથી. દેવો સ્તુતિ કરી થાકતા નથી પણ ભગવાનની બધી વાત કરી શકતા નથી, ગુણાનુવાદ કરીને થાકે છે. ગુરુદેવના ભવોની વાત તો ક્યાંથી થાય! વર્તમાન વાત

પણ કરવાની શક્તિ નથી. જે દેવો કરી શકતા નથી તે અમારા જેવા કેમ કરે! ભરતક્ષેત્રમાં મહાપુરુષ જાગ્યા, એમની વાતો ને ગુણાનુવાદ કોણ કરી શકે! પૂજ્ય ગુરુદેવે પ્રભાવના કરી તે વાત પણ કરવી અશક્ય છે. ૪૫ વર્ષો, એના મહિનાઓ, દિવસો, ક્ષણો-પળો બધી ઉત્તમ હોય છે. તે વાત કરવા બેસીએ પણ પૂરી થતી નથી. ૨૧.

* ગુરુદેવની વાણીનો પડકાર જ જુદો...અત્યારે તેમના આશ્રિતો વાંચે પણ એ ગુરુદેવની વાણી તો જુદી જ...સિંહગર્જના જેવી તેમની વાણીનો પડકાર, તે વાણી જુદી હતી. અત્યારે ટેપમાં ગુરુદેવની વાણી... દૂરથી તો જાણે ગુરુદેવ જ બોલે છે તેમ લાગે. ઘડીક તો ભૂલી જવાય એમ થઈ જાય કે વ્યાખ્યાન શરૂ થઈ ગયું. વર્ષોના સંસ્કાર તેથી એમ લાગે. ગુરુદેવ છે જ એમ લાગે. તેમની વાણીએ બધાંને જીવતા રાખ્યા છે. ગુરુદેવની પ્રબળ વાણીના નિમિત્તે ક્રાંતિ થઈ ગઈ. ગુરુદેવ સ્વયમ્ જાગ્યા ને આખા ભારતને જગાડયું. ખૂણેખાંચરે બધાંને જાગૃત કર્યાં. ૨૨.

* ગુરુદેવ હાથમાં આવ્યા, હવે છૂટવાના નથી. બહારની સમીપતા અંદરની સમીપતાને પોકારી રહી છે. ચૈતન્ય—ચૈતન્યના પોકાર-ગુરુદેવના પોકાર ચૈતન્ય સમીપ લઈ જાય છે. ચૈતન્યના સંસ્કાર જેણે અંદર પાડયા છે, ચૈતન્યનું સિંચન ઊંડું કરી ગયા છે તે સિંચનના પોકાર અંદરથી જવાબ દીધા વગર રહેશે નહીં. ૨૩.

* પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાં ત્રિકાળી ધ્રુવની પરમ પારિણામિક ભાવની ધૂન કોઈ ગજબની હતી. તેનો મહિમા ઘણો ગાતા હતા. પારિણામિકભાવ—તે ઉદયરૂપ કે ઉપશમરૂપ કે ક્ષાયિક કે ક્ષયોપશમરૂપ પર્યાયથી અગોચર બધાથી-અગોચર છે, સૂક્ષ્મ છે, અનાદિ કાળથી જીવ પરિભ્રમણ કરી રહ્યો છે છતાં પોતાના પારિણામિકભાવરૂપ સ્વભાવને એક સમયમાત્ર છોડયો નથી. તેના સહજજ્ઞાન સહજ દર્શન અનાદિ-અનંત છે, તેમાં બધું ભર્યું પડયું છે. આવી સ્પષ્ટતા કોનાથી થઈ શકે તેમ છે! પરમ પારિણામિકભાવ છે તે પૂજનીક છે તે એમ સૂચવે છે કે અહો! દ્રવ્યની આવી શક્તિ સદાય છે. જીવોને અનાદિથી દૃષ્ટિ ઉદય ભાવ ઉપર છે તેથી તેનું લક્ષ્ય ત્યાં જતું નથી. જ્ઞાયકભાવ કહો, ત્રિકાળી ધ્રુવ કહો,

કારણશુદ્ધપર્યાય કહો તે બધું એક જ છે. તેની જુદી દૃષ્ટિ કરવી પડતી નથી. કારણશુદ્ધ પર્યાય ગંભીર છે, સૂક્ષ્મ છે, તત્ત્વ સાથે તે વણાયેલી છે. પૂજનીક છે એ તો પૂજ્ય ગુરુદેવશ્રીએ ચોખ્ખું કર્યું. ૨૪.

* ગુરુદેવશ્રીએ જે જે વખતે જે કાંઈ કહ્યું હોય તેનો અપૂર્વતાથી વારંવાર (યથાર્થ) મહિમા આવવો જોઈએ, આશ્ચર્ય રહેવું જોઈએ. મને બરાબર સમજાઈ ગયું છે, આવડી ગયું છે, એમ જાણપણાની હૂંફમાં તણાઈ જવું જોઈએ નહિ. એમ થવાથી તત્ત્વનો નિર્ણય લૂખો થઈ જવાનો પ્રસંગ બને છે. દરેક કાર્યમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો અનહદ ઉપકાર અંતરમાં છવાઈ જવો જોઈએ. એ પણ માર્ગપ્રાપ્તિનો ક્રમ છે. ૨૫.

* સંસારનો રસ ઊતરી ગયો પણ શુભનો રસ (રુચિ) પણ બધાંને ઊતરી ગયો. ગુરુદેવે એવી દૃઢ શ્રદ્ધા કરાવી છે ને વારંવાર એક આત્મા ઘૂંટાવ્યો છે, "તું ભગવાન છો, તું પરમાત્મા છો" એ બોલે તો બધાંનાં કાળજાં હલબલાવી નાખ્યાં છે. સંસારના રસ ઢીલા કરાવ્યા ને અંદર મજબૂત કરાવ્યું. આત્માની મહિમા કરાવી દીધી. ઘૂંટાવી ઘૂંટાવીને મહિમા કરાવી. એવી મહિમાથી બોલે કે ગમે તેટલીવાર સાંભળીએ તો નવું નવું લાગે, ને ફરી બોલે તો પણ ગમે. ૨૬.

* ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતી અંદરથી પ્રગટ કરવી જોઈએ, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવી છે. તેનો નિરંતર અભ્યાસ, તેની લગની અને તેનો વારંવાર પ્રયત્ન કરવો જોઈએ, ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે. એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય. પણ પુરુષાર્થ તો પોતાને કરવાનો છે. ૨૭.

* ચક્રવર્તી દેશોદેશમાં વિજય કરવા જાય છે રાજ્ય માટે જાય છે ને ચક્રવર્તી થાય છે. તે તો રાજચક્રી, પૂજ્ય ગુરુદેવ તો ધર્મચક્રી છે. ધર્મધ્વજાને દેશોદેશોમાં ફરકાવે છે. જ્યાં જ્યાં પધારે ત્યાં મુમુક્ષુઓનાં ટોળેટોળાં... પૂજ્ય ગુરુદેવ ધર્મની પ્રભાવના કરવા જાય છે. ચોથાકાળમાં તો પંચકલ્યાણક પ્રત્યક્ષ જોવા મળતાં પણ વર્તમાનમાં પૂજ્ય ગુરુદેવના પ્રતાપે સ્થાપના તરીકે ઘણા પંચકલ્યાણક જોવા મળે છે. તે ભાગ્ય પણ ક્યાંથી! ૨૮.

* પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા હતા ને આચાર્ય ભગવાન કહે છે કે અહો! જિનમાર્ગના પ્રણેતા અમે આ ઊભા! તેમ ખરેખર ગુરુદેવ જેવા પ્રણેતા આપણને મળ્યાં (તે સૌનું અહોભાગ્ય છે.) ૨૯.

* શ્રુતની આરાધનાનો નમૂનો તો એક પૂજ્ય ગુરુદેવ જ હતા. શ્રુતની આરાધના, તેમનો પ્રભાવશાળી પ્રતાપ, તેમનું હૃદય આરાધક, અંતરની પરિણતી નિર્મળ—આ પંચમકાળના જીવો માટે ગુરુ ને શાસ્ત્ર બધું તેમનામાં જ હતું. સાધના જોવાની ય તેમનામાં મળતી હતી. શ્રુતની આરાધના પણ તેમનામાં જોવા મળતી હતી. દેવનું સ્વરૂપ ગુરુદેવ બતાવતા હતા. તેથી જ તો ગુરુને ભગવાન કહીએ છીએ. તેઓ એકલા પણ સ્વયં શોભે અને બધાની વચ્ચે પણ શોભે તેવું તેમનું વ્યક્તિત્વ હતું. તેમનું ચેતનત્વ એવું શોભતું હતું. ૩૦.

* સ્વભાવની વાર્તા દુર્લભ થઈ પડી હતી. ગુરુદેવના પ્રતાપે સુલભ થઈ પડી છે. આવી અનુભૂતિ કરવી તે પોતાના હાથની, પોતાના પુરુષાર્થની વાત છે. ગુરુદેવે અમૃતના ધોધ વરસાવ્યા, અમૃતધારા વરસાવી, ચારેકોર અમૃતધારા વરસાવી છે. ઝીણી ધાર નથી વરસાવી, આ તો અમૃતધારા મુશળધાર વર્ષાવી છે. એકદમ બધા પાંગરી—ખીલી ઊઠે તેવી મુશળધારા વરસાવી છે. હવે પોતાની તૈયારી જોઈએ. ૩૧.

* સુરત રહેતાં ત્યારે મને એમ થતું કે ગુરુદેવને ક્યાંક જોયેલા છે તેમ થતું. ત્યારે પૂજ્ય ગુરુદેવ તીર્થંકર થવાના છે તે ખબર ન હતી. મહાપુરુષ છે તેમ લાગતું. ગુરુદેવ તીર્થંકર થવાના છે તેમ તેમનું પોતાનું હૃદય પોકારતું હતું. તેથી (જાતિસ્મરણ દ્વારા) તીર્થંકરપણાનું સાંભળ્યું ત્યારે પ્રમોદ થયો. "આ તો ત્રિલોકીનાથે ચાંદલો કર્યો, તેનાથી વિશેષ શું હોય!" તેમ ગુરુદેવ વ્યાખ્યાનમાં બોલ્યા હતા. ૩૨.

* શુદ્ધાત્માને ઓળખો, અંદર શુદ્ધાત્મા છે. વિકલ્પ તૂટીને નિર્વિકલ્પતા થાય છે. શુદ્ધોપયોગ થાય તે ધર્મ છે. અન્યમાં ધર્મ નથી. શુદ્ધસ્વરૂપમાં ઠરી જા. આત્મામાં ઠરવું તે ધર્મ છે, તેના વિના ધર્મ નથી. શુભથી બંધ થાય છે. તે ધર્મ નથી.

મુનિદશા વેષમાં નથી. મુનિઓ ક્ષણે ક્ષણે અંતરમાં ઝૂલતાં હોય છે. નિર્વિકલ્પદશા અંતરમાં થાય છે. મુનિઓ પ્રમત્ત–અપ્રમત્તમાં ઝૂલે છે. તે કોણે બતાવ્યું છે? તે કોણ શીખવ્યું છે? એ કોણ કહે છે? આવું કોણ કાઢી શકે છે! આવા શાસ્ત્રોના અર્થ કોણ કરી શકે છે? તે ગુરુદેવે જ બતાવ્યું છે. તેમના વિના આ અર્થ કોણ કહે? બધો ગુરુદેવનો પ્રતાપ છે. માત્ર બોલવા ખાતર નથી, મારું તો હૃદય જ આ છે. ૩૩.

* પૂજ્ય ગુરુદેવશ્રીના યુગમાં લોકો પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે સમયસાર આદિ શાસ્ત્રોને અત્યંત મહિમાથી વિશેષપણે સમજતા થયા. ઘરઘરમાં સમયસાર શાસ્ત્રની સ્વાધ્યાય શરૂ થઈ ગઈ. જાણે કે 'સમયસારનો યુગ' શરૂ થઈ ગયો! જાણે કે સમયસાર અને પૂજ્ય ગુરુદેવ એકમેક થઈ ગયા. ૩૪.

* દિવ્યધ્વનિ કેવી છે! સમુદ્રમાં મેરુ પર્વતથી મંથન કરીને જે તત્ત્વ આવે, અવાજ આવે તેવો ગંભીર તમારી વાણીનો ધ્વનિ છે, અમૃત જ છે, જગતના જીવોના વિષને-ઝેરને તોડી નાખે છે. શ્રોતાને મુગ્ધ કરનારી દિવ્યવાણી છે, એવી ચારે બાજુ પ્રકાશ કરનારી આપની વાણી છે. આ ગુરુવાણીને શું ઉપમા આપવી? તેવી અનુપમ ગુરુવાણી છે. હે ગુરુદેવ! તમારા જ્ઞાનને શું ઉપમા આપવી! ૩૫.

* પૂજ્ય ગુરુદેવનો પંચમકાળે તીર્થંકરવત્ ઉપદેશ છે. તેમના નજીકના અંતેવાસીનું દુઃખ ઊભું રહેતું નથી. જેની યોગ્યતા નથી તે દૂર વસે છે. ગુરુદેવને ખરા અંતઃકરણથી સ્વીકારે છે તે ભલે ક્ષેત્રથી દૂર વસે પણ ભાવથી નજીક છે. ભવ્ય જીવો જ અહીં અંદર પ્રવેશે છે. યોગ્યતાવાળા જીવો અહીં આવે છે. ૩૬.

* અહો! પૂજ્ય ગુરુદેવશ્રીનાં કેવાં અદ્ભુત પુરુષાર્થપ્રેરક વચનો! તેમનો આત્મા જ કોઈ જુદો હતો. તેમને અંદરમાં તો ચૈતન્યનો સાગર ઊછળ્યો છે; મન–વચન–કાયાથી અગોચર એવો પુરુષાર્થ જગાડયો છે. ૩૭.

* ગુરુદેવ ભરતક્ષેત્રમાં ઘણી ધર્મપ્રભાવના કરીને ગયા છે. અધ્યાત્મનું કોણ જાણતું હતું! ગુરુદેવને લઈને અધ્યાત્મનું ચારેબાજુ ગ્રહણ થયું.

હજુ તો અહીંયાં ગુરુદેવનાં પગલાં...તેમના રજકણો ને પ્રભા અહીંયાં છે. ૪૫–૪૫ વર્ષો સુધી ઉપદેશ આપી ઘણું આપી ગયા છે. ૪૫ વર્ષોની વાતો કરીએ તો પૂરી ન થાય. ગુરુદેવે ઘણાં શાસ્ત્રો વાંચ્યાં એ પ્રસંગો, યાત્રાના પ્રભાવનાના પ્રસંગો વગેરે વાતો પૂરી ન થાય. એના પુરાણ લખાય. ગુરુદેવ પોતે પુરાણપુરુષ હતા, તે બધી વાત પૂરી ન થાય. અહીંનો કાળ તો મહાવિદેહ આગળ કેટલો ટૂંકો છે! ત્યાં ભગવાન પાસે હતા તે ભવોની વાત તો પૂરી ન થાય. એ વાત કરતાં તો આત્મામાં અંદર સમાઈ જવાના ભાવ થઈ જાય. ૩૮.

* આ ક્ષેત્રમાં લોકો ક્રિયાકાંડમાં જ ધર્મ માનતા હતા. તેવા ક્ષેત્રમાં જન્મ લઈને પૂજ્ય ગુરુદેવે એકલા હાથે, એક વ્યક્તિએ, ધર્મનો ધ્વજ ફરકાવ્યો. જેમ તીર્થંકર ભગવાનના કાળમાં તેઓ એક જ સર્વશક્તિશાળી જીવ હોય, તેમના જેવું બીજું કોઈ હોય જ નહિ; તેમ પૂજ્ય ગુરુદેવે સ્વયં એક જ, એકલા હાથે, આ ભારતમાં ધર્મની ધીકતી પેઢી ચલાવી. જેમ તીર્થંકરનો જોટો ન હોય તેમ પૂજ્ય ગુરુદેવશ્રી અજોડ, એક જ વ્યક્તિ જેમની જોડ ન મળે તેવા, પૂજ્ય ગુરુદેવ આ કાળે એક જ, અજોડ પરાક્રમી જેનો જોટો જડવો મુશ્કેલ તેવા ભડવીર, આત્મસાધના કરતાં કરતાં ત્યાગીપણે રહીને તીર્થંકર જેવું આ કાર્ય તેમણે કર્યું. ૩૯.

* મનુષ્યભવનો કાળ તો એકદમ ટૂંકો છે. પુણ્ય–પાપનાં ચક્ર ચાલ્યા કરે છે. પૂજ્ય ગુરુદેવ અત્રે બિરાજતા હતા ત્યારે અહીંયાં ચોથો કાળ હતો. અત્યારે આ કાળમાં આત્માનું આરાધન કરે અને શુદ્ધાત્માનું શરણ લે તો ગુરુદેવનો સાથ મળી જાય. શુદ્ધાત્માને ગ્રહણ કરે તો ગુરુદેવ સાથે જ છે. ૪૦.

* આ તો ગુરુદેવનો જુદો જ ભવ. અત્યારે પૂજ્ય ગુરુદેવ મળ્યા તે તો જાણે કે સાક્ષાત્ તીર્થંકર ભગવાન જ મળ્યા તેમ જાણવું. તેમની વાણી તે તો તીર્થંકર ભગવાનની ૐ દિવ્યધ્વનિ જ મળી ગઈ તેમ માનવું. તેમના પુનિત ચરણોનું સાન્નિધ્ય મળ્યું તે તો જાણે કે સાક્ષાત્ તીર્થંકર ભગવાનના ચરણની ઉપાસના કરી. તેમનો વર્તમાન ભવ...જાણે કે તીર્થંકરની નજીકનો જ ભવ! ૪૧.

* આ પૂજ્ય ગુરુદેવની વાણી તો પુરુષાર્થને જગાડનારી, પરાક્રમી કેસરી સિંહ જેવી શૂરવીરતાની વાણી, જ્યારે તે વાણી સાક્ષાત્ સાંભળતા હતા, ત્યારે તેમની તે દિવ્યવાણીના સીધા શબ્દોથી માણસોનાં હૃદય ડોલી ઊઠતાં હતાં. જીવોનો ચૈતન્ય પુરુષાર્થ જાગી ઊઠતો હતો. ૪૨.

* આત્માનું નિર્વિકલ્પ સ્વરૂપ બતાવ્યું છે, નિર્વિકલ્પતા પ્રગટ થાય, આત્માનો આનંદ પ્રગટ થાય, એ બધો માર્ગ આખો ગુરુદેવે બતાવ્યો છે. શરીરથી. વચનથી, અરે ! બધા વિકલ્પથી અતીત એવો આત્મા અંદર બિરાજે છે. ગુરુદેવે આ પંચમકાળમાં જન્મીને મહાન ઉપકાર કર્યો છે. ૪૩.

* પૂજ્ય ગુરુદેવશ્રીના પડકાર, શૂરવીર સિંહ જેવા, તેમની સામે તો કોઈની દેન નહિ કે પ્રશ્નચર્ચા કે વિરોધ કરી શકે. બહારથી કોઈ બોલે પણ તેમની સામે તો સીધું કોઈ આવી શકે નહિ. પૂજ્ય ગુરુદેવને નજરે જુવે ત્યાં જ તેને પોતાના પ્રશ્નોના જવાબ મળી જાય. ૪૪.

* અહો ! પૂજ્ય ગુરુદેવશ્રી સ્વયં ચૈતન્યના રસથી રંગાયેલા હોવાથી શ્રોતાઓને પણ તે રંગના રસથી તરબોળ કરી રંગી દેતા. સૌ એટલા બધા તલ્લીન થઈને એકાકાર થઈ જતાં કે કલાક ક્યાંય પૂરો થઈ જતો —જાણે કોઈ અગમ્ય દેશમાં લઈ જતા હોય. પૂજ્ય ગુરુદેવશ્રીએ તો સમ્યક્‌શ્રુતના ધોરિયા વહાવ્યા અને અનેક શાસ્ત્રનો સુમેળ કરીને ઘણો ઉકેલ કરીને ન્યાલ કરી દીધા. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયને એકદમ સરળ સ્પષ્ટ ભાષામાં કહેવાની તેમની શૈલી, વાણીની અચિંત્ય શક્તિ, જાણે સાંભળતા જ રહીએ ! ૪૫.

* પૂજ્ય ગુરુદેવે એટલી સ્પષ્ટ વાત કરીને નિરંતર વાણીનો વરસાદ વરસાવ્યો છે. જીવોને કાળજામાં ગરી જાય એવો વાણીનો વરસાદ વરસાવ્યો છે. સૂતાને જાગ્રત કર્યા, સામેથી કહેતા જાગ રે...જાગ...વારંવાર એકની એક વાત પીરસતા હતા, બીજાની આળસ ને નિદ્રા ઊડી જાય. બધા ટાઈમસર પ્રવચનમાં જતાં, આ તો સમોસરણ હતું. ૪૬.

* પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે બધાએ આત્માનું જ કરવાનું છે. ગુરુદેવનો જ બધો પ્રતાપ છે. ગુરુદેવના ચરણે આવ્યા, જેણે તત્ત્વ

સમજીને ગુરુદેવને અંતરથી ગ્રહણ કર્યા એની વૃદ્ધિ થયા વગર રહેતી નથી. ગુરુદેવ કોઈ અપૂર્વ હતા. એ ભાવિ તીર્થંકરનું દ્રવ્ય આ પંચમ-કાળમાં આપણને અહીં મળ્યું હતું. એમની વાણી પાછળ ચૈતન્ય ચમત્કાર દેખાતો હતો. બધાનાં ચૈતન્ય જાગી ઊઠે એવી અપૂર્વ વાણી હતી. અંદર આત્મસ્વરૂપની સમજણના મહિમા સહિત જેણે ( ગુરુદેવને ) ગ્રહણ કર્યા એનો બેડો પાર થયા વિના રહેશે નહીં. ૪૭.

* ગુરુદેવ ભગવાન હતા. તેમણે અહીં અવતાર લીધો, બધાને જગાડવા માટે. શંખ ફૂંકીને બધાંને જગાડયાં. જાગો રે જાગો... કહીને બધાને જગાડયાં. એક મહાપુરુષ જગતમાં શાશ્વત રહેતા હોય તો તેમની છાયામાં બધું મંગળ મંગળ લાગે, તેમની વાણી કાયમ રહી ગઈ. ૪૮.

* પૂજ્ય ગુરુદેવના પ્રતાપે બધાં (સ્વરૂપનું) લદણ કરતા શીખ્યાં છે. એનું ને એનું લદણ કર્યા કરે તો ક્ષણવારમાં જીવ પામી શકે છે.

આ કાળે ઊગરવાનો આરો એક ગુરુદેવ છે. ૪૯.

* આત્માની રસિક વાત બતાવનાર ગુરુદેવ હતા. ચૈતન્ય ભંડાર ભર્યો હતો તેને ગુરુદેવે ખોલી દીધો. ગુરુદેવ બધાને ઊંચે લાવ્યા છે. ગામોગામ જઈને દુંદુભિ વગાડી... 'વિભાવથી પેલે પાર આત્મા બિરાજે છે, તેમાં જ્ઞાન છે, સ્વાનુભૂતિ સુખ-આનંદ છે. તેની સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, વેદન પ્રગટ થાય છે', પાત્ર હતા તે જાગ્યા. ૫૦.

* પૂજ્ય ગુરુદેવના પ્રતાપે જીવનનો પલટો થયો. ચૈતન્યમય જીવન જોતું હતું તે થયું. પૂજ્ય ગુરુદેવના પ્રતાપે માર્ગ મળ્યો. તેથી ધારા ચાલે છે, નહિતર ધારા કયાંથી ચાલે! પૂજ્ય ગુરુદેવે ચૈતન્યનું જીવન આપ્યું. અંધારામાંથી પ્રકાશમાં લાવ્યા. નિષ્ક્રિય સ્વભાવ આત્માનો તેના પર દૃષ્ટિ થઈ આ બધો પ્રતાપ ગુરુદેવનો છે. ૫૧.

* ગુરુદેવમાં એવી શક્તિ હતી કે એમની પાસે જાય તેની મનવાંછિત સિદ્ધિ થાય, એવો તેમનો પ્રભાવ હતો! ગુરુદેવે બધાને માર્ગે ચડાવી દીધા. કર્તૃત્વબુદ્ધિ છોડાવી. 'જ્ઞાતા થઈ જા'. ગુરુદેવે સમયસાર આદિ બધા શાસ્ત્રોનું સ્પષ્ટીકરણ કરી, તેનાં હાર્દ પ્રકાશ્યાં, નહીં તો કોણ સમજી શકત! પર.

* પૂજ્ય ગુરુદેવ અદ્‌ભુત પ્રભાવશાળી હતા. તેમના કાળમાં બધા જાતજાતનાં સાધનો નીકળ્યાં. ધવલનાં શાસ્ત્રો પણ તેમની હાજરીમાં બહાર આવ્યાં. ફિલ્મ, ટેપરેકોર્ડર, વીડિયો ટેઈપમાં જાણે સાક્ષાત્ જેવું જ લાગે છે. પ્રત્યક્ષ-સાક્ષાત્ બિરાજતા હતા તેની તો વાત જ જુદી ! જેણે સાક્ષાત્ સીધી વાણી સાંભળી છે તેને ખ્યાલ આવે કે આવી વાણી હતી. એમને વ્યાખ્યાનમાં એટલો આનંદ આવતો હતો કે સાંભળનાર છક થઈ જતા હતા. આહાહાહા...ની ગંભીરતા તથા પ્રમોદ તો તેમની મુદ્રામાં દેખાતા હતા. ૫૩.

* પૂજ્ય ગુરુદેવનો પ્રતાપ તો જુવો...અત્યારે જીવોને વેદનાકાળે કેવી જાગૃતિ અને આત્માનું લક્ષ રહે છે તે ગુરુદેવનો પ્રતાપ છે. ૫૪.

* પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન અને તર્કસંગત ન્યાય એટલા બધા રસકસથી ભરપૂર કે તે સિવાય બીજું બધું તદ્દન ફીકું ફીકું જ લાગે એટલે મને અંદરથી બીજે કયાંય રસ પડતો જ નહીં. આમાં જ જીવન વણાઈ જાય. પૂજ્ય ગુરુદેવશ્રીની અંતરના તળને સ્પર્શતી વાણી બીજે કયાંથી હોય?–તેમની ભાષા પણ જાણે જુદી જ લાગે. એકની એક ગાથા પણ જયારે સાંભળીએ ત્યારે નવા નવા ભાવ, નવી નવી સ્પષ્ટતા જ નીકળ્યા કરે. ૫૫.

* અંદરમાં ખુમારી ચડવી જોઈએ કે આપણા ગુરુદેવ કેવા હતા ! તેમનાથી કેવું મળ્યું છે. કોઈને ન મળે તેવું આપણને મળ્યું છે. તેની ખુમારી પૂર્વક શ્રુતના વાંચન-વિચાર કરે તો (બીજું કંઈ યાદ પણ ન આવે.) ગુરુદેવ કેવું આપીને ગયા છે તે લક્ષમાં લેતો નથી ને આમથી આમ વિકલ્પ કર્યા કરે છે. આ તત્ત્વની તો ખુમારી રહેવી જોઈએ. ગુરુદેવ આપણને દ્રવ્યદૃષ્ટિ શીખવી ગયા છે. આત્માને ઊર્ધ્વ રાખવાનું શીખવાડયું છે. ૫૬.

* જિનેશ્વરનાં વચનો પરમ ઉપકારી છે, શ્રી ગુરુનાં વચનો પરમ ઉપકારી છે. જેમણે માર્ગ બતાવ્યો, 'દ્રવ્યદૃષ્ટિ કોને કહેવાય, વીતરાગતા કોને કહેવાય, દ્રવ્ય કોને કહેવાય, સાધકદશા કોને કહેવાય' એ બધું પરમ ઉપકારી ગુરુએ બતાવ્યું છે. તેમનાં વચનો પરમ ઉપકારી છે. જીવોને

મુક્તિનો માર્ગ સમજવો મુશ્કેલ છે; વસ્તુની સ્વાનુભૂતિ, તેની સાધકદશા તે બધું સમજવું મુશ્કેલ છે. ૫૭.

* ચૈતન્યદેવને ઓળખવો મુશ્કેલ છે. ચૈતન્યલોક આશ્ચર્યકારી છે–તે સ્વયં આશ્ચર્યકારી છે. ગુરુની વાણીમાં તેનું સ્વરૂપ આવે છે. તેથી વાણીના લીધે તે સમજી શકાય છે. ગુરુદેવ પ્રગટ થયા નહિતર આ માર્ગને કોણ જાણત ? લોકો ક્રિયાકાંડમાં પડેલા હતા તેવા કાળમાં માર્ગના પ્રકાશક શ્રી ગુરુ પ્રગટયા. ૫૮.

* પૂજ્ય ગુરુદેવશ્રી તો તીર્થંકરનું દ્રવ્ય છે. આવી વાણીનો આ ધોધ મળે અને પાત્રતા તયાર ન થાય તેમ બને જ નહિ. આવા પંચમકાળમાં તો બે કલાકનો પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ ઘણો કલ્યાણકારી છે. તેમનું નિકટ સાન્નિધ્ય આત્માર્થીને તૈયાર થવા માટેનું અપૂર્વ કારણ થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તીર્થંકરની વાણી છે. તેમને અત્યારે તીર્થંકર પરમાત્મા જેવો ઉદય વર્તે છે. વાણીનો જોગ પણ તેવો જ છે. મુનિરાજના યોગ જેવો યોગ છે. પંચમકાળે આવો યોગ !!! આવી વાણી અને ઉદય પણ પ્રબળ છે. કેટલી જોરદાર...ધારદાર વાણી ! ૫૯.

* પૂજ્ય ગુરુદેવ અહીંયાં પધાર્યા તે અપૂર્વ, તેમનો સાથ અપૂર્વ, વાણી અપૂર્વ, તેમની સાથે યાત્રા અપૂર્વ, તેમના વિહાર અપૂર્વ, બધું અપૂર્વ. ગામે ગામ ચૈતન્યરસ ઝરતી વાણી વરસાવતા તે અપૂર્વ. બધાને આવો લાભ વર્ષો સુધી મળ્યો. તેમની વાણીનો અવાજ કેવો ધીર, ગંભીર ગર્જના કરતી વાણી અંદરથી ચૈતન્યથી રંગાયેલી વાણી અપૂર્વ હતી. ૬૦.

* પૂજ્ય ગુરુદેવના અર્થના વિસ્તાર કરવાની શક્તિ, (એવી !) સહજપણે ધારા ચાલી જ જાય; એક એક ગાથા, કેટલા દિવસ ચાલે, થાકે જ નહિ, રહસ્યો નીકળ્યા જ કરે... સિદ્ધાંતનો આશય રજૂ કરવાની શૈલી, તથા વાણી એવી રસબસતી કે જાણે સાંભળ્યા જ કરીએ, સાંભળનાર વાણી સાંભળતાં મંત્રમુગ્ધ થઈ જાય ! સ્થાનકવાસીમાં હતા ત્યારે પણ પ્રવચનમાં શ્રોતાઓ તેમની વાણીની બંસરીથી ડોલી ઊઠતા. ૬૧.

* પૂજ્ય ગુરુદેવ દ્રવ્યદૃષ્ટિને ખૂબ ઓપ આપતા. દ્રવ્યદૃષ્ટિને ઓપ દીધા વગર જીવોના ક્રિયાકાંડ છૂટતા નથી. તેના વિના ભ્રમ તૂટે નહિ. તું

શુદ્ધ છે, રાગ તારામાં નથી. તેમ જોરથી કીધા વિના ફડચા ન પડે. ભેદજ્ઞાન ન થાય. એમને પોતાને અંદરથી આવતું હતું તે કહેતા હતા. તેના વિના જીવને ભેદજ્ઞાન થાય નહીં. ૬૨.

* મોરબીમાં પૂજ્ય ગુરુદેવને સ્વપ્ન આવેલું કે પોતે મેડી ઉપર બેઠા છે, નીચે નાટક થાય છે, બધાં માણસો આવે છે. નાટકમાં આવ્યું કે 'મારે તરી જવું છે સંસાર' પૂજ્ય ગુરુદેવને એમ થયું કે સ્વપ્નના નાટકમાં પણ આ આવ્યું. તેથી જે ઘોલન હોય તેનાં સ્વપ્નાં આવે. તેમને ભવનો અભાવ થઈ ગયો તેથી સ્વપ્નાં પણ ભવનો અભાવ સૂચવતાં જ આવે. ૬૩.

* (ગુરુદેવે) ૧૨ા કરોડ વાજાનો નાદ સાંભળ્યો. તેમાં અર્ધું સ્વપ્નમાં અને અડધામાં ભાસ થએલો. બપોરે દોઢ વાગે આવેલ. 'ૐ' આવ્યો તેના પરથી થયું કે ૐ ભગવાનની ધ્વનિ છે, ભવિષ્યમાં ૐ ધ્વનિ છૂટવાની છે. વર્તમાનમાં ૐ લઈને આવ્યા છે. તેથી અહીંયાં ધ્વનિના રણકાર સંભળાય છે. ૬૪.

* આવા વિષમકાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. એમનાં દર્શન અને વાણી કેટલા દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય? ભારતના મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાંને અપૂર્વ લાભ મળ્યો. ૬૫.

* ગમે તેવા આકરા પુણ્ય-પાપના ઉદયરૂપ સંયોગોમાં કે શુભાશુભ પરિણામ વખતે સમતા-શાંતિ કેમ રાખવી તે બધું ગુરુદેવશ્રીએ જ બતાવ્યું છે. ગુરુદેવશ્રી જ આપણું સર્વસ્વ છે. અત્યારે કોઈ કહે કે આમણે આમ કર્યું, આમણે આવું કર્યું ત્યારે મને તો એમ જ થાય કે કોઈએ કાંઈ કર્યું જ નથી. આ બધું ચારે તરફ જે કાંઈ થયેલું કે થતું દેખાય છે તે બધો માત્ર પૂજ્ય ગુરુદેવશ્રીનો જ પ્રતાપ છે, પ્રભાવ છે. ૬૬.

* ગુરુદેવે ચૈતન્યનો પ્રકાશ બહાર લાવીને બધાને દેખાડયો. તું છો, તું જેવો છો તેવો તું તને જો. ગુણોનો વૈભવ જો. ગુણોનો વૈભવ

પાથરી પાથરીને બતાવ્યો. આ તારો વૈભવ! તું જો! આવી વાણી! માણસો સાંભળીને છક થઈ જતાં. ગુરુદેવ શું કહેવા માગે છે! આવું તો સાંભળ્યું જ નથી. ક્યાંય મળ્યું નથી.

ષટ્ આવશ્યક–પદ્મનંદિના પ્રવચનમાં કેવા જોરદાર પડકાર છે! તેમની પુરુષાર્થપ્રેરક વાણી હતી. એક કૂદકે સમ્યગ્દર્શન, બીજે કૂદકે મુનિપણું, ત્રીજા કૂદકે કેવળજ્ઞાન એમ કહેતા હતા. તેમની આવી જોરદાર વાણી સાંભળીને જીવને પુરુષાર્થનું બળ મળી જાય છે. ૬૭.

* ગુરુદેવનો પ્રભાવ ચારે બાજુ હિન્દુસ્તાનમાં ફેલાયેલો છે. ગુરુદેવે પહેલાં સંપ્રદાયમાં ત્યાગ લીધેલો, તપ કરતા, ક્રિયાઓ તો એટલી ચોખ્ખી ને કડકપણે પાળતાં, (છતાં) સંયમમાર્ગ અંતરમાં છે, વેશ તો લીધો પણ તેનું સ્વરૂપ બીજું છે; (એવું લાગતું.)

(ગુરુએ પાતરાં રંગવા કહેલ ત્યારે પોતે કહ્યું કે) પાતરાં રંગવાનું આવું હું નહીં કરું, ત્યારે ગુરુએ કહેલું, પાતરાં વિનાના ગુરુ શોધી લે, તો કુંદકુંદાચાર્ય ગોતી લીધા. માર્ગ આખો ગોતી લીધો. આખી દુનિયાને બતાવ્યું કે આ માર્ગે ચાલો...આ માર્ગે ચાલો...બહારમાં ક્રિયાકાંડમાં શું રોકાયા છો? આ માર્ગે ચાલો તેમ બતાવ્યું. ૬૮.

* પૂજ્ય ગુરુદેવે એવો માર્ગ બતાવ્યો કે મતમતાંતર આડાં ન આવે. બધું કહીને ગયા છે. જગતનું આશ્ચર્ય આત્મા છે. જિનેન્દ્ર ભગવાન આશ્ચર્યકારી છે ને ગુરુદેવ પણ આશ્ચર્યકારી હતા.

એમનો અતિશય એવો હતો કે જ્યાં એમનાં પગલાં થતાં ત્યાં બધું સવળું થઈ જાય. ભગવાન વિહાર કરે ત્યારે કાંટા આડા થઈ જાય. યોજનો સુધી રોગ ન થાય, વેર–વિરોધ ભૂલી જાય તેમ પંચમકાળમાં ગુરુદેવનું તીર્થંકરનું દ્રવ્ય આશ્ચર્યકારી હતું. એમની હાજરીમાં જે થયું તે આશ્ચર્યકારી થયું છે. ૬૯.

* ગુરુદેવની વાણીની કેટલી ટેપો છે! વાણી આબેહૂબ રહી ગઈ. "નિધિ પામીને" હવે બધી નિધિ મળી. તું એકાંત સ્થાનમાં રહી તારી સાધના કર, ગુરુદેવ પાસેથી મળ્યું છે તેની પ્રાપ્તિ કરવાનો

તું પુરુષાર્થ કર. ગુરુ જેમ શિષ્યને નિધિ આપે તેમ ગુરુદેવે આપી છે. હવે પ્રાપ્ત કરવું તારા હાથની વાત છે. ટેપ સાંભળતાં ગુરુદેવ છે જ એવું લાગે છે, શબ્દો ગૂંજી રહ્યા છે. હવે લેવાનું શું બાકી છે? એક આત્મા લેવાનો બાકી છે. (સોનગઢ) પાવન થયેલી ભૂમિ છે. ૭૦.

* પૂજ્ય ગુરુદેવનો લાભ જુદો જ હતો. વર્ષો સુધી બધાને લાભ મળ્યો. વૈશાખ સુદ-૨નું મંગલ સુપ્રભાત...લોકો હજારોની સંખ્યામાં જન્મ-વધાઈ લઈ આવતા. જેમ ભગવાન માતાના ગર્ભમાં પધારે, નગરી આખી સોનાની થઈ જાય તેમ ગુરુદેવ સાક્ષાત્ જ્યાં પધારે તે નગરી આખી જુદી થઈ જાય. ગુરુદેવ જે નગરમાં જાય તે નગરી મંગલ મંગલ થઈ જાય. રસ્તામાં મંગલ મંગલ, તે ઘરમાં મંગલ મંગલ થઈ જાય. જ્યાં પધારે ત્યાં ચારેકોર માણસોના ટોળેટોળાં દેખાય. તે મંડપ જુદો જ લાગે, પણ જ્યાં ગુરુદેવ પાટ પર પધારે ત્યારે મંડપની શોભા જ જુદી થઈ જાય. પુણ્ય-પવિત્રતા બંને ભેગાં હતા. ભરતક્ષેત્ર શોભાયમાન હતું તે પૂજ્ય ગુરુદેવથી જ. ૭૧.

* અહો! પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે વારંવાર એક શુદ્ધાત્માનું જ ગુંજન ગાજતું. સમય ક્યાં પસાર થઈ ગયો તેની કાંઈ ખબર જ ન રહેતી.

અહો! આ તો અદ્‌ભુત મહાપુરુષ એવા જાગ્યા છે કે બધાંને ક્યાં હતાં ને ક્યાં લાવીને અહીં સારા રસ્તે ચઢાવ્યા. કેટલો સરસ ખુલાસો દિવસમાં બબ્બેવાર થાય છે! દરેક સિદ્ધાંતો કેટલી સૂક્ષ્મતાથી સમજાવે છે. ૭૨.

* આ (સોનગઢ) ગુરુદેવની પાવન ભૂમિ છે. મંદિરો બધાં જુદાં જુદાં છે. મંદિરોને લઈને તીર્થ જેવું લાગે છે. મંદિરમાં પૂજા-ભક્તિ-સ્વાધ્યાય થાય. બહેનો એકાંતમાં જંગલમાં ન જઈ શકે. એટલે આ જુદાં જુદાં મંદિરો છે ત્યાં પોતે એકાંતમાં સ્વાધ્યાય કરે. સૌરાષ્ટ્રમાં પણ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે ઠેકઠેકાણે મંદિર થયાં. ૭૩.

* ગુરુદેવ માટે જેટલું કરીએ તેટલું ઓછું છે. ગુરુદેવ સાક્ષાત્ બિરાજતા હતા એ વાત જુદી હતી. મહાવીર ભગવાનનો જન્મદિવસ ઊજવાય ત્યારે એમ લાગે કે મહાવીર ભગવાન આજે જ જન્મ્યા. તેમ ગુરુદેવના જન્મદિવસે એમ લાગે કે ગુરુદેવ આજે જ જન્મ્યા.

ૐ ગુરુદેવના હૃદયમાં આવ્યો તે આશ્ચર્ય. એમને અંદરથી જ આવ્યો હતો. તે કઈ જાતનો ૐ આવ્યો હશે કે તેની તેમને કેટલી ખુમારી હતી! ૐ સાંભળીને આવ્યા તેમ નહિ પણ ૐ તેમને અંદરથી આવતો હતો. ૭૪.

* પ્રથમ તો ગુરુદેવશ્રી સિંહ જેવા લાગતા. તેમની રૂમમાં બેઠા હોય, વાંચતા હોય તો જાણે કોઈ મહાપરાક્રમી સિંહ બેઠો હોય તેવું તેમનું તેજ દીપતું હતું, તપતું હતું. એમની સામે જોઈ શકીએ કે પાસે જઈ શકીએ તેટલી હિંમત જ ચાલતી નહિ. બ્હેનો તો તેમની રૂમમાં પગ પણ ન મૂકી શકે. ૭૫.

* પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું છે કે એક જ્ઞાયકને ઓળખો. ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે, હું શું બોલું? ગુરુદેવનો પરમ ઉપકાર છે, આ ભરતક્ષેત્રમાં ચૈતન્યનું બધું સ્વરૂપ ગુરુદેવે સમજાવ્યું છે. આ પંચમકાળની અંદર આ વિષમ કાળમાં ગુરુદેવનો જે જન્મ થયો તે મહાભાગ્યની વાત છે. ગુરુદેવે અહીંયાં પધારીને 'ચૈતન્ય કોઈ અપૂર્વ છે' એમ તેની અપૂર્વતા બતાવી, તે તરફ અંતરદૃષ્ટિ કરવા સમજાવ્યું તે ગુરુદેવનો પરમ-ઉપકાર છે. ૭૬.

* પૂજ્ય ગુરુદેવની વાણીમાં એટલું જોર હતું, એવી પ્રબળતા હતી કે લાખો-કરોડો જીવો તેમની વાણીથી દ્રવ્યદૃષ્ટિ તરફ જાય, તે તરફનું વલણ કરે, તે તરફની ભાવના કરે, તેવી પરિણતિ ઊભી કરવાનું વલણ કરે. વસ્તુસ્થિતિ તો આવી છે તેમ નિર્ણય થાય છે. વાણીનો જોગ એવો થઈ ગયો. દેશ-પરદેશ ફર્યા, દૃષ્ટિ બધાને બતાવી કે આ રસ્તે જા...આ રસ્તે જા. કેટલાય જીવોના ઉત્પાદ-વ્યય પોતા તરફ થઈ જાય તેવી તૈયારી કરી શકે એવી દૃષ્ટિ ગુરુદેવે બતાવી. ૭૭.

* પૂજ્ય ગુરુદેવ વારંવાર કહેતા હતા કે તું સ્વયં તૈયાર થા. તારું ઉપાદાન તારે જ તૈયાર કરવાનું છે. કોઈને એમ થાય કે હવે તમે કેમ જીવશો? શું કરશો? (ઉત્તરરૂપે) કેમ જીવશો શું? પૂજ્ય ગુરુદેવનું સાન્નિધ્ય મળ્યું છે. જેનું નિરુપાધિમય જીવન છે. દેવ-શાસ્ત્ર-ગુરુ જેના હૃદયમાં બિરાજે છે, આત્મા જાગતો ઊભો છે, દેવ નજીક છે, ગુરુ નજીક

છે. પંચ પરમેષ્ઠી જેના હૃદયમાં બિરાજે છે તેને તો ક્યાંય પણ મુશ્કેલી નથી. સંસારી જીવોનાં જીવન તો કેવા ઉપાધિમય જીવન છે! ૭૮.

* 'તું હી દેવનો દેવ' એવું કહેનાર-જોડનાર પણ કોણ નીકળે? એટલી નાની ઉંમરમાં આવું ગાયન જોડનાર કોઈ નહીં નીકળે. કોઈને એવું સ્વપ્નું આવવું યે મુશ્કેલ છે કે હું તીર્થંકર છું. એવી હૂંફ પણ ક્યાંથી લાવે? દરેકના કાળજામાં આવું બેસવું જ કઠણ, સંસારમાં, વિકલ્પમાં ક્યાંય ગોથાં ખાતો હોય, રાગ-દ્વેષમાં અટવાયેલો તેને તું ભગવાન છો તેમ બેસવું એ મુશ્કેલ પડે તો તીર્થંકર છું તેમ તો આવે જ ક્યાંથી! જે હોય તેનો જ રણકાર આવે. બીજાનું તો કાળજું યે કામ ન કરે. 'તીર્થંકર છું' તેમ સ્વીકાર કરવો એ જીવોને મુશ્કેલ પડે છે. ૭૯.

* અત્યારે તો હૃદયમાં બધાને ગુરુદેવ...ગુરુદેવ થાય છે. બધાના હૃદયમાં એક જ ભાવના છે કે પૂજ્ય ગુરુદેવ એકવાર અહીં પધારે! આ ક્ષેત્રથી દૂર ચાલ્યા ગયા છો, પણ તમે અમારા અંતરમાંથી તો દૂર જઈ શકો તેમ નથી. અમે અમારા અંતરમાં તો સદાય નિરંતર આપને બિરાજમાન કર્યા છે. ત્યાંથી કેમ જઈ શકશો? 'અંતરમાં તો નિત્ય બિરાજે નાથ.' ૮૦.

* શાસ્ત્રના એક એક શબ્દના અર્થ કરનારા, શાસ્ત્રના એક વાક્યને લઈને આખું ચૌદ બ્રહ્માંડ ખડું કરી દેતા. 'પરને પોતે કરી શકતો નથી. તું પોતે સ્વતંત્ર છો.' આવી સ્વતંત્રતાની વાત કરનાર કોણ છે? મૂળ વસ્તુના અસલી સ્વરૂપને બતાવનાર જગતમાં ગુરુદેવ જ હતા. એમણે બધું બતાવી માર્ગ ચોખ્ખો કરી દીધો. વસ્તુ-સ્વરૂપ સૂક્ષ્મતાથી બતાવનાર, આત્માના હાર્દને પહોંચનાર, ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ બતાવનાર ગુરુદેવ જ હતા. અનંતધામ સ્વરૂપ આત્માને બતાવનાર ગુરુદેવ હતા. ગુરુદેવનો એક શબ્દ ખ્યાલમાં લે તો આખો ચૈતન્ય ઊછળી જાય એવું છે. ૮૧.

* જીવનમાં જે જે સરસ અને ઉત્તમ પ્રસંગનો લાભ મળ્યો હોય તે બધા યાદ કરવા. તે પ્રસંગની હૂંફમાં પણ જીવને આનંદ આવે છે.

પૂજ્ય ગુરુદેવનો સાથ મળ્યો, જીવનમાં તેમની સાથે તીર્થક્ષેત્રોની યાત્રા કરી, જિનેન્દ્ર પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓનો લાભ મળ્યો છે. તેમના પવિત્ર આહારદાન, તેમનાં મંગલમય પ્રવચન-શ્રવણ, તેમની દિવ્ય ગર્જતી વાણીના પ્રસંગો યાદ કરવા. ૮૨.

* ગુરુદેવની વાણી સાંભળીને ઘણા જીવોની રુચિ બદલાઈ જતી. આ જે કહે છે તે કંઈક જુદું જ કહે છે. ક્રિયાકાંડમાં પડેલાએ પલટો ખાધો. નાનાં નાનાં બાળકો, ઊગીને ઊભા થતા હોય તેવા જુવાનિયાઓ, અન્યમતવાળાઓ બધાની રુચિ પલટાઈ જતી. કણબીઓએ જિનમંદિરો કરાવ્યાં. વોરા, હરિજન, દરજી, બ્રાહ્મણ, લુહાર આદિ ઘણા જીવોની રુચિ તો બદલી ગઈ. ૮૩.

* ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું. તેમની વાણી પણ અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીના ઊંડાણ ને રણકાર કંઈક જુદા જ હતા. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ-ચૈતન્ય જુદા છે' તેવો ભાસ થઈ જાય તેવી તેમની વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો અનંત ગુણોના મહાસાગર છો.' ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરી દેતી. ઘણી પ્રબળ વાણી! સંસારનાં ઝેર ઉતારી નાખે, વિષય-કષાયને પાતળા કરી નાખે, પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે, શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે તેવી મંગળમય વાણી ગુરુદેવની હતી. ૮૪.

* દુનિયામાં બધા ક્યાં પડ્યાં હતાં! હરવા-ફરવામાં, મોજ-શોખમાં આનંદ માનતાં હતાં, તે બધાનું સ્થૂળ જીવન...ગુરુદેવે બધાને ચૈતન્યની હૂંફવાળા જીવન બનાવી દીધા. જીવનમાં દેવ-ગુરુ-શાસ્ત્રની સમીપતા હોય તે હૃદયમાં હોય તે લાભરૂપ છે, તેમાં આત્માની હૂંફ સમાયેલી છે. ૮૫.

* શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી

વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા! જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી, ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. ૮૬.

* ગુરુદેવ આગળ કેટલી વાણી સાંભળવા મળી! દેવાનું બધું દીધું. માર્ગ બતાવ્યો, શાસ્ત્ર સમજાવ્યાં. હવે અંદર આત્માનું એકાંતમાં રહીને પોતાની સ્વાધ્યાય કરીને કરી લેવું. ગુરુદેવ છે જ એમ હૃદયમાં રાખવા. ૮૭.

* ગુરુના તીક્ષ્ણ પ્રહારો જેનાથી ચૈતન્ય જાગે છે. ગુરુનાં વચનો અમોઘ રામબાણ છે. નિમિત્તથી થતું નથી છતાં સંબંધ છે. ભગવાનની દિવ્યધ્વનિમાં હજારો જીવો જાગે છે. તેમ ગુરુદેવની વાણી ચૈતન્યને જગાડે છે. ૮૮.

* આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે. ૮૯.

* આજે ગુરુદેવે પ્રવચનમાં દીક્ષા લીધા પછી આવેલ સ્વપ્નાની વાત કરેલ. આખા આકાશમાં શાસ્ત્રથી લખેલાં પાટિયાં છવાઈ ગયાં હતાં. તેનું માપ આરસના પાટિયાના માપ જેવડું હતું. તેનો અર્થ કે આવાં શાસ્ત્રો તમારા હૃદયમાં ઊછળવાનાં છે. તે સ્વપ્નું અત્યારે આરસમાં કોતરાઈને પરમાગમમંદિરમાં શાસ્ત્રો લખાયાં તે સ્વપ્નું સાકાર થયું.

પૂર્વના સંસ્કાર હતા તેથી બીજું સ્વપ્ન (એવું આવેલ કે) આખા આકાશમાં છઠના ચંદ્ર છવાયેલા તે ચંદ્રની સંખ્યા એક-બે નહિ પણ લાખો-કરોડો. તેનો અર્થ કરતા કે સાધકપણું છઠના ચંદ્રમાની જેમ પ્રગટશે તે પૂર્ણતા નહિ પામે. પૂનમનો ચંદ્ર અહીં નહીં થાય. ૯૦.

* ગુરુદેવ બોલાવે તો એમ થઈ જાય કે આપણે કૃતકૃત્ય થઈ ગયા. આવી અપૂર્વ વાણી મળી, આહારદાન આદિના લાભ મળ્યા, ગુરુદેવની વાણીએ બધાંનું જીવન અપૂર્વ બનાવ્યું. બધાંના હૃદયમાં ગ્રહણ થયું તે છૂટે નહીં. હૃદયમાં જે હૂંફ ચડી છે તે ઊતરે નહિ સંસારનો રસ ઊતર્યો હવે લાગે નહિ. હજુ અંદર અમૃત મળ્યું નથી. અમૃતના છાંટણા પડ્યા તેની મહિમા ને મહિમામાં ઝેર ઊતરી ગયાં. સાક્ષાત્ પ્રગટ્યું નથી પણ કિનારા આવી ગયા. ગુરુદેવની વાણીએ શું શું કામ કર્યું છે! ક્યાં સંસારમાં રચ્યા-પચ્યા, ક્રિયાકાંડમાં ધર્મ માનતા એ બધું છૂટી ગયું ને એકત્વબુદ્ધિનો રસ પાતળો પડી ગયો. ૯૧.

* સૌરાષ્ટ્રની અંદર ગુરુદેવ બધાંના હૃદયમાં બિરાજી ગયા છે, અંતરમાં વસી ગયા છે. દિગંબર માર્ગનો પ્રચાર કર્યો છે તે બધાએ સ્વીકાર્યો છે. એમણે કીધેલા તત્ત્વનો પ્રચાર બધાં કરે છે. બધું એમણે શિખવાડ્યું છે. ગુરુદેવ કુંદકુંદ ભગવાનની કેટલી મહિમા કરે છે! તેમના હૃદયમાં આચાર્યદેવનું અને જિનવાણીનું અપાર મહાત્મ્ય હતું. તેમનું હૃદય કૂણું હતું. તેમને કોઈ તત્ત્વનો, સત્યનો વિરોધ કરે, તેનું ખૂબ લાગે. ૯૨.

* ગુરુદેવે બધાં વિભ્રમના વાદળાં તોડી નાખ્યાં ને સ્વભાવની દિશા કેવી હોય તે બતાવી છે તું અંતરમાં પ્રગટ કર, તારા હાથની વાત છે. ચૈતન્યનું ચિત્ર કરીને બતાવ્યું છે. જેમ નકશો બતાવે કે આ દિશા અહીંયાં છે, આ અહીંયાં છે તેમ, આ માર્ગ છે, આ જ્ઞાન-દર્શન-ચારિત્ર છે, દ્રવ્યદૃષ્ટિ કર, બધું ચિત્રામણ કરી બતાવ્યું છે. ઉપાદાન-નિમિત્ત, દ્રવ્ય-ગુણ-પર્યાય, સાધ્ય-સાધકદશા, વચલો માર્ગ, મુનિદશા, કેવળજ્ઞાન, સમ્યગ્દર્શનથી માંડીને આખો માર્ગ ચોખ્ખો કરી બતાવ્યો છે. વિભાવના વચ્ચે કયા કયા પ્રકારો આવે છે, સ્વભાવના લક્ષણો કેવાં હોય તે બધું બતાવ્યું છે. ૯૩.

* વૈશાખ વદ-૮ના દિને પૂજ્ય ગુરુદેવને કંઠેથી ૐ ધ્વનિ આવેલ તેથી આ મંગલ દિવસે સ્વાધ્યાયમંદિરની સ્થાપના થઈ. ગુરુદેવ અહીંયાં પધાર્યા, બધાંને ખૂબ આનંદ આનંદ થતો હતો, ઉત્સવ ઊજવાયો હતો.

પૂજ્ય ગુરુદેવને (ત્યારે) ઠીક ન હોવાથી પૂછેલ કે સાહેબ! આપને કેમ છે? ત્યારે કહેલ કે શરીરમાં ફેરફાર લાગે તે તો પુદ્ગલ છે. અંદરમાં તો જાગૃતિજાગૃતિ પૂર્ણ જાગૃતિ છે.

પૂજ્ય ગુરુદેવનું વ્યાખ્યાન એટલે બસ તેમાં આનંદઘનજી આદિનાં પદ મીઠા રાગથી ગાય, ને સભા ડોલી ઊઠે. પૂજ્ય ગુરુદેવે દૃષ્ટિ આપી તે દૃષ્ટિથી પલટો ખાધો. ભરતક્ષેત્રનાં ભાગ્ય! આ કાળે ગુરુદેવ મળ્યા, તેમના પ્રતાપે ચારે તરફ ધર્મનું વાતાવરણ જોવા મળે છે. દેશનાલબ્ધિ મળી તે ગુરુદેવનો જ ઉપકાર છે.

પૂજ્ય ગુરુદેવ નિરંતર સમયસાર ગાથા ૧ થી ૧૫, ૪૭ શક્તિ, ૪૭ નય, અવ્યક્તના બોલ, ૩૨૦મી ગાથા, છ કારક આદિ તેમના જ્ઞાન-ધ્યાનનો વિષય છે.

પૂજ્ય ગુરુદેવનો તો અનંત અનંત ઉપકાર છે. તેમનો ઉપકાર તો હૃદયમાં અહીંયાં કોતરાઈ ગયો છે, ધારા ટકી રહી તે તેમનો પ્રતાપ છે. ૯૪.

* પૂજ્ય ગુરુદેવની વાણી અદ્ભુત અને અલૌકિક હતી. ઉપદેશનું કાર્ય મારું નથી. પ્રભાવના કરનાર તો પૂજ્ય ગુરુદેવશ્રી જ હતા, તેમ જ પ્રભાવનાનાં કાર્યો તો તેમના અતિશય પુણ્યોદયે જ થયાં છે, આપણે કોણ? ૯૫.

* અહીંના (સુવર્ણપુરીના) સ્થાન-સ્થાનમાં, વસ્તુ-વસ્તુમાં, રજકણ-રજકણમાં ગુરુદેવનાં સ્મરણો છે. જેના ઉપર નજર પડે, તેના આશ્રયે ગુરુદેવ સ્મરણમાં આવે છે.

'હમણાં અહીં ગુરુદેવ સીમંધરનાથનાં દર્શન કરવા પધારશે, હમણાં અહીં વ્યાખ્યાનની પાટ પર બિરાજશે ને અમૃતવાણી છૂટશે, હમણાં ગુરુદેવ આહાર લેવા પધારશે. હમણાં અહીં ગુરુદેવ એકાંતમાં બેસી નિજ સ્વાધ્યાય-મનનમાં લીન થશે.' એમ સર્વત્ર ગુરુદેવના ભણકાર વાગે છે ગુરુદેવ ભુલાતા નથી. એ પાવનમૂર્તિ નજરે તર્યા કરે છે. ગુરુદેવનાં એ સ્મરણો દ્વારા ગુરુદેવના પવિત્ર જીવન અને ઉપદેશને દૃષ્ટિ સમક્ષ રાખીને આપણે તેઓશ્રીએ ચીંધેલા માર્ગે ચાલીએ તે જ કર્તવ્ય છે. ૯૬.

* આ પંચમકાળે ગુરુદેવ મળ્યા, વિષમ કાળમાં તે મહાભાગ્ય.

તેમની વાણીથી રુચિ પલટાઈ જાય. જીવો ક્ષણમાં પલટો ખાય તેટલી તેમની વાણીમાં અતિશયતા હતી. ૯૭.

* આ પંચમકાળમાં તેમની દિવ્યવાણી તીર્થંકરની વાણીની જેમ, શાસ્ત્રો દ્વારા અને ટેપરેકોર્ડ દ્વારા હજારો વર્ષો સુધી ગૂંજ્યા કરશે, ગાજતી રહેશે. આ તો તીર્થંકર ભગવાનનાં ચરણો મળ્યાં હતાં. તેમનું સાન્નિધ્ય તે સાક્ષાત્ તીર્થંકર ભગવાનનું સાન્નિધ્ય મળ્યું હતું તેમ માનવું. ૯૮.

* અહીંનું વાતાવરણ એકાંતવાળું...જંગલ જેવું લાગે, આમ વસ્તી, મોટા મોટા ચોક, ચારે કોર જિનમંદિરો, એકદમ જંગલ નહિ ને ગીચ પણ નહિ. બહુ વસ્તી પણ નહિ ને સાવ ખાલી પણ નહિ. સ્થાનો બધાં મોટાં-મોટાં. બધાં છૂટાં છવાયાં બેઠાં હોય, કોઈ મંદિરોમાં, કોઈ ગુરુદેવના સ્થાનમાં બેઠા હોય. બધું રળિયામણું લાગે, નિર્ભયતાવાળું લાગે. ૯૯.

* ગુરુદેવ પાસેથી જે સાંભળ્યું છે તે ઓગાળવું. ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું. તેના જ માટે વાંચન-વિચાર કરવા જેવા છે. શુદ્ધાત્માને ઓળખી, તેને અવલંબો. તદ્રૂપ પરિણતિ કરવાનું ગુરુદેવ કહેતા હતા. અનાદિ કાળથી આ જીવ શુભાશુભભાવ કરતો આવ્યો છે. હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ શુદ્ધાત્માના માર્ગે ચાલીને શુદ્ધાત્માને સાધીને અંતર સમાધિને સાધી છે. તું પણ તે જ માર્ગે ચાલ. આ ગુરુદેવની શીખ હતી. ગુરુદેવના સાન્નિધ્યમાં નિવૃત્તિ લઈને અહીં રહ્યા, તો નિવૃત્તિસ્વરૂપ આ આત્માના નિવૃત્તિ સ્વભાવમાં દૃષ્ટિ દઈને નિવૃત્તિપંથ ઉજાળવા યોગ્ય છે. તે જ મનુષ્યભવની સફળતા છે. ૧૦૦.

* પૂજ્ય ગુરુદેવના ઉપકારની શું વાત કરવી...! તેમણે તો શબ્દે શબ્દના અર્થ કર્યા છે. શબ્દે શબ્દનાં તળિયાં તપાસ્યાં છે. દરેકના ઊંડા ઊંડા અર્થ કર્યા છે. ગુરુદેવે જો આવા અર્થ ન કર્યા હોત તો સમયસારનો એક શબ્દ પણ કોણ સમજી શકવાનું હતું—! કર્તા-કર્મ અધિકારમાં કોની ચાંચ ડૂબવાની હતી? ૧૦૧.

* ગુરુદેવે ૪૫-૪૫ વર્ષો સુધી હૃદયમાં જે રેડ્યું છે તે બધાંના

હૃદયમાં ઊંડાણથી વસી ગયું છે. હૃદયમાં રેડાણું છે તે ચાલ્યું જવાનું નથી.

કેવળજ્ઞાનની પર્યાય પણ હેય છે તે કોણ કહી શકે! ઉપાદેય ત્રિકાળી દ્રવ્ય છે. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે; તે શાશ્વત દ્રવ્ય નથી. ગુરુદેવ વિના આવું જોરદાર કોણ કહી શકે! ૧૦૨.

* ઇન્દોરના હુકમચંદજી શેઠને ગુરુદેવ પ્રત્યે બહુમાન હતું. 'સોનગઢ કે કૌઓં કા ભી યહાં સ્વાગત હૈ' તેમ તેઓ કહેતા હતા. સૌ પ્રથમ અહીંયા આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવને મળતાં એટલો આનંદ થયો હતો કે જાણે ગુરુદેવને ભેટવા આવતા હોય!! અહીં પ્રવચનમાં ગુરુદેવને કહેતા હતા કે મહારાજ! તમારા સમકિતની વાત આ મિથ્યાદષ્ટિ જીવો નહિ સમજે. ગુરુદેવની મુદ્રા ઉપરથી બધા તેમને ઓળખી જાય. ચાલતા હોય ત્યારે જુદા જ દેખાય. ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. મહાપુરુષના બધા ગુણો તેમનામાં હતા. દૈવી પુરુષ હતા. બહારમાં કોઈનું કાંઈ રાખે જ નહીં, મોટા શેઠિયા હો કે પંડિત હો. ૧૦૩.

* રોજ સવારે હવે પૂજ્ય ગુરુદેવની ટેપ વાગે છે. "મૈં હી પરમાત્મા હૂં...મૈં હી પરમાત્મા હૂં..." એ વાગે ત્યારે એમ જ લાગે કે ગુરુદેવ રોજ આવીને ગગનમાં વાણી વરસાવી જાય છે–એવું લાગે છે. ૧૦૪.

* ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા, તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે, અહીં તો ભગવાનની જિનેન્દ્ર મંદિરોની અને ગુરુદેવની મંગળ છાયામાં જીવન વીતે છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને તેમની મંગલ પ્રભા જ્યાં પથરાઈ હોય તે બધું મળવું મુશ્કેલ છે. સમ્યક્‌માર્ગપ્રકાશક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે. ૧૦૫.

* પૂજ્ય ગુરુદેવે માર્ગને ચોખ્ખો કરીને આપ્યો, કોઈને ક્યાંય શંકા ન રહે, એવું ચોખ્ખું કર્યું છે. તૈયાર કરીને આપ્યું, રોટલાનો ગર્ભલો કરીને આપ્યો, ગળે ઉતારવાનું પોતાને છે ને! એકદમ સ્પષ્ટ ને સહેલું કરીને સમજાવ્યું છે. પ્રયોગ તો પોતાને કરવાનો છે. શાસ્ત્રનાં

રહસ્યો સહેલાં કરી દીધાં, 'દ્રવ્ય દૃષ્ટિ કર. ભેદજ્ઞાન કર,' બહારમાં ફાંફાં માર મા, હવે ભેદજ્ઞાનનો પ્રયોગ અંદરમાં કરવાનો છે તે કર. ૧૦૬.

* સાક્ષાત્ ગુરુ હતા ત્યારે તો એમ હતું કે 'મોટાને ખોળે બેઠા તેની શી ચિંતા' હવે ઉપાદાન તૈયાર કરવું. ગુરુદેવ જ કહેતા હતા કે, 'તું કંઈ અશરણ નથી. તને તારું શરણ છે. તારા આધારે તારી સાધના પ્રગટ થઈ શકે છે. ૧૦૭.

* ૬૨ વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીએ જે સ્ટાર ઓફ ઇન્ડિયા-મકાનમાં મહાવીર જયંતીદિને પરિવર્તન કરેલ તે જ સ્થળે પરિવર્તનદિને પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન રાખેલ, તેમ જ આદરણીય શ્રી હિંમતભાઈએ ભક્તિ કરાવેલ અને શ્રી ચીમનભાઈ મોદીએ તથા શ્રી કનુભાઈ હીરાચંદભાઈ દામાણીએ પરિવર્તન સમયના પ્રસંગોનું વ્યક્તવ્ય કરેલ. પરિવર્તન-દિનની ખુશાલીમાં શ્રી હીરાચંદભાઈ દામાણી પરિવાર તરફથી તેમ જ શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા, ગોરેગાંવ અને શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન, મલાડ તરફથી સ્વામિવાત્સલ્ય ભોજન રાખેલ. આ રીતે આ પ્રસંગ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો.

---


## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી—

પ્રકાશન સ્થાન—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) ૩૬૪૨૫૦
પ્રકાશન તારીખ—દરેક માસની પંદર તારીખ
પ્રકાશક—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) ૩૬૪૨૫૦
મુદ્રક—કહાન મુદ્રણાલય, સોનગઢ
સંપાદક—નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ
તંત્રી—હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ
રાષ્ટ્રીયતા—ભારતીય
માલિક—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) ૩૬૪૨૫૦

—વ્યવસ્થાપક (મેનેજર)

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

તા. ૧૫-૪-૯૬ સોનગઢ (કાનજીસ્વામીનું) ૩૬૪૨૫૦


---

વિંછીયા શહેરમાં આયોજન-આધીન

સમયસારાદિ પંચપરમાગમપ્રમુખ જિનસરસ્વતીની સ્થાપના તેમ જ

કહાનગુરુ-પ્રતિકૃતિ-સંસ્થાપનનો

# 卐 મંગલ-મહોત્સવ 卐

આનંદોલ્લાસ સહ જણાવવાનું કે—વિંછીયા શહેરમાં (જિલ્લો રાજકોટ, તાલુકો જસદણ) ત્યાંના શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ સાન્નિધ્યમાં વિક્રમ સંવત ૨૦૦૫ માં સુપ્રતિષ્ઠિત શ્રી ચંદ્રપ્રભસ્વામી દિગંબર જિનમંદિરના પરિસરમાં નિર્મિત શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિરમાં ભગવતી જિનવાણી શ્રી સમયસારાદિ પંચપરમાગમ તેમ જ ષટ્ખંડાગમ આદિ અન્ય જિનસરસ્વતીની મંગલ સ્થાપનાનું તથા ધવલ સાંગેમર્મરનિર્મિત ભવ્ય કહાનગુરુ-પ્રતિકૃતિના મંગલ સ્થાપનાનું આયોજન આગામી વૈશાખ સુદ ત્રીજ, શનિવાર તા. ૨૦-૪-૯૬ના રોજ અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે સર્વે મુમુક્ષુસમાજને વિંછીયા પધારવાનું ત્યાંના ટ્રસ્ટ તરફથી ધર્મવાત્સલ્યયુક્ત હાર્દિક આમંત્રણ છે.

---

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતીના મંગલ અવસરે

અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં પુરુષો માટે

# □ ધાર્મિક શિક્ષણવર્ગ □

પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૭મી જન્મજયંતીના ઉપલક્ષમાં સુવર્ણપુરીમાં તા. ૧૫-૪-૯૬ થી તા. ૬-૫-૯૬—૨૨ દિવસ સુધી પુરુષો માટે જૈન ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મુમુક્ષુભાઈઓ સાદર નિમંત્રિત છે.

[ સૂચના :—(૧) શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે. (૨) ઉત્તમવર્ગમાં શ્રી પ્રવચનસાર તેમ જ સમયસાર ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૩) મધ્યમવર્ગમાં શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા તેમ જ મોક્ષમાર્ગપ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૪) પ્રત્યેક મુમુક્ષુમંડળને અનુરોધ છે કે પોતાના મંડળના મુમુક્ષુઓ બહોળી સંખ્યામાં આ શિક્ષણવર્ગનો લાભ લ્યે તે માટે પ્રોત્સાહિત કરે; તેમ જ આવનાર મુમુક્ષુઓની સંખ્યા પત્રથી જણાવે. ]

---

## * પૂજ્ય બહેનશ્રીની સમાધિતિથિ *

પૂજ્ય બહેનશ્રીની છઠ્ઠી વાર્ષિક સમાધિતિથિ નિમિત્તે વૈશાખ સુદ ૧૪, ગુરુવાર, તા. ૨-૫-૯૬ થી વૈશાખ વદ ૩, સોમવાર, તા. ૬-૫-૯૬ સુધી પાંચ દિવસીય ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

—*—

## 卐 કોટિ કોટિ વંદન 卐

હે પરમકૃપાળુ ગુરુદેવ! આપના ગુણોનો શું મહિમા કરું! આપના ઉપકારોનું શું વર્ણન કરું! અસલી સ્વરૂપનું જ્ઞાન આપનાર અપૂર્વ મહિમાના ધારક શ્રી ગુરુદેવના ચરણકમળની સેવા-ભક્તિ નિરંતર હૃદયમાં વસી રહો, પરમ-પરમ-ઉપકારી શ્રી ગુરુદેવના ચરણકમળમાં આ સેવકના વારંવાર ભાવભીની ભક્તિથી કોટિ કોટિ વંદન હો, નમસ્કાર હો. —પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૩૦) * આત્મધર્મ * (અંક-૧૦ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૨ એપ્રિલ, ૧૯૯૬

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A ૨૨૩૨ શ્રી મહેન્દ્રકુમાર કાશીભાઈ પટેલ
બી/૧૨, સાંઈકૃપા સોસાયટી-૧,
મહાવીરકૃપા હરણી રોડ,
વડોદરા-૩૯૦૦૦૬